GJSN170009632025		દાખલ થયા તારીખ:	૧૧/૦૮/૨૦૨૫		
		રજુ કર્યા તારીખ:	૧૧/૦૮/૨૦૨૫		
		ફેંસલ કર્યા તારીખ:	૧૨/૦૩/૨૦૨૬		
		સમય મર્યાદા	વર્ષ	માસ	દિવસ
			૦૦	૦૭	૦૧

થાનગઢના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

મું. થાનગઢ.

ફોજદારી કેસ નં.૭૧૪/૨૦૨૫

આંક–૨૧

ફરિયાદી:– શ્રી સ ર કા ર

––– વિરૂધ્ધ–––

આરોપી:– **વિશ્વજીતભાઇ ઉર્ફે વિચ્છુ ભરતભાઇ ખાચર, ઉ.વ.૨૧**
રહે. વેલાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર

===

ગુન્હો:–ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ

===

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.જે. ચૌહાણ

આરોપીઓ પક્ષ તરફે : વિ.વકીલ શ્રી વી.એમ. દાણા

===

–:: ચૂકાદો ::–

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૭/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૦૨:૦૦ વાગ્યે આ કામના આરોપી વિશ્વજીતભાઇ ઉર્ફે વિચ્છુ ભરતભાઇ ખાચરને આ કામના અન્ય આરોપીએ ભારતીય બનાવટનો વિદેશી દારૂ આપી આરોપીએ પોતાના કબજા

ભોગવટાવાળી નંબર પ્લેટ વગરની અલ્ટો ગાડી જેના ચેસીસ નં.MA3EUA61000960131 એન્જીન નં.F8DN5721997 વાળીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ કુલ ૫૭ કિં.રૂ.૧૭,૧૦૦/- તથા ગ્રે કલરને નંબર પ્લેટ વગરની કિં.રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૨,૧૭,૧૦૦/- નો ગે.કા. મુદ્દામાલ રાખી રેડ દરમ્યાન પકડાઇ જઇ **પ્રોહીબીશન એકટની કલમ-૬૫એઇ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૫૦૨૨૦૧૮૮/૨૦૨૨થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

૨. આરોપીને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ તેની સામેના ગુન્હાનું તહોમતનામું આંક-૩ થી ફરમાવી અને આરોપીની આંક-૪ થી ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ કરવાનો ઇન્કાર કરેલ, જેથી ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

-: મૌખિક પુરાવા:-

અનુ. નં.	આંક-	વિગત
૧	૦૫	ફરિયાદી પ્રતાપભાઇ ભુપતભાઇ ખાચરની જુબાની
૨	૧૪	પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણની જુબાની
૩	૧૫	પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીની જુબાની

૪. ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

-: દસ્તાવેજી પુરાવા:-

અનુ. નં.	આંક	વિગત
૧	૦૬	એફ.આઇ.આર.ની ખરી નકલ
૨	૧૪/એ	મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું

૫. ફરિયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઇ પુરાવો રજૂ ન થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત રજૂ પુરાવા પરથી ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ ની જોગવાઇ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તમામ આક્ષેપોનો ઇન્કાર કરેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ. જે પુરાવાનાં મુલ્યાંકન વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

૬. આ કામના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દાઓ ::

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૭/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૦૨:૦૦ વાગ્યે આ કામના આરોપી વિશ્વજીતભાઇ ઉર્ફે વિચ્છુ ભરતભાઇ ખાચરને આ કામના અન્ય આરોપીએ ભારતીય બનાવટનો વિદેશી દારૂ આપી આરોપીએ પોતાના કબજા ભોગવટાવાળી નંબર પ્લેટ વગરની અલ્ટો ગાડી જેના ચેસીસ નં.MA3EUA61000960131 એન્જીન નં.F8DN5721997 વાળીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ કુલ ૫૭ કિં.રૂ.૧૭,૧૦૦/- તથા ગ્રે કલરને નંબર પ્લેટ વગરની કિં.રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૨,૧૭,૧૦૦/- નો ગે.કા. મુદ્દામાલ રાખી રેડ દરમ્યાન પકડાઇ જઇ **પ્રોહીબીશન એકટની**

કલમ–૬૫એઇ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

૮. **:: નિર્ણય અંગેના કારણો ::**

૯. ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઇ આવે છે. જે નીચે મુજબ છે.

મુદ્દા નં.૧.

(૯.૧) ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે આ કામે **આંક–૦૫થી ફરિયાદી પ્રતાપભાઇ ભુપતભાઇ ખાચરને** તપાસવામાં આવેલ છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, સને ૨૦૨૨ની સાલમાં હું થાનગઢ પો.સ્ટે. ખાતે પો.હે. કોન્સ. તરીકે ફરજ બજાવતો હતો. તે વખતે તા.૧૭/૦૭/૨૦૨૨ના રોજ અમો તથા પો.કોન્સ. મુન્નાભાઇ રાઠોડ તથા પો.કોન્સ મનોજભાઇ એમ પોલીસ સ્ટાફના માણસો પો.ઇ. શ્રી જી.એન.સ્યારાનાઓ અમે થાનગઢ પો.સ્ટે. હાજર હોય ત્યારે અમોને ખાનગી રાહે હકીકત જાણવા મળેલ કે થાનગઢ ટાઉનમાં દરબારગઢ શેરીમાં એક ઇસમ ઇંગ્લીશ દારૂનું વેચાણ કરે છે તેવી હકીકત મળેલ. જેથી અમો કલાક ૦૧:૧૦ વાગ્યે ઉપરોકત સ્ટાફ સાથે સદરહુ જગ્યા ઉપર રેડ કરવા નીકળેલ તેમજ સાથે પો.સ.ઇ. નાઓએ બે રાહદારી પંચો બોલાવી ઉપરોકત જગ્યાએ સમજ કરી રેડ કરવાનું કહેતા પ્રાથમિક પંચનામુ ૦૧:૧૦ થી ૦૧:૨૫ સુધીનું કરી સદરહુ જગ્યાએ પહોંચતા સદરહુ જગ્યાએ એક ઇસમ હાજર મળી આવેલ જેનું નામ, ઠામ પુછતા દિવ્યરાજસિંહ રણજીતસિંહ ગોહીલ મળી આવેલ. સદરહુ ઇસમની બાજુમાં એક કાળા કલરની નંબર પ્લેટ વગરની અલ્ટો કાર પડેલ. જે પંચો સાથે

સદરહુ ઇસમની અલ્ટો કાર તપાસ માટે જોતા અલ્ટો કારમાંથી ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ–૦૩ તથા આગળની ખાલી સાઇડની સીટ ઉપર બોટલો પડેલ જે ઈંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ–૫૭ કિં.રૂ.૧૭,૧૦૦/– તથા અલ્ટો કાર કિં.રૂ.૨,૦૦,૦૦૦/– ની તપાસ અર્થે કબજે કરેલ. ઉપરોકત આરોપીને પોલીસ સ્ટેશને લાવી કલાક ૦૨:૦૦ સુધીનું પંચનામુ કરી ઉપરોકત દારૂ બાબતેની આરોપીની પુછપરછ કરતા સદરહુ દારૂ સુનીલભાઇ છગનભાઇ રહે. મફતીયાપરા થાનગઢવાળા પાસેથી લાવેલ હોવાનું કબુલ કરેલ. જેથી સદરહુ આરોપીની પ્રોહી. એકટ કલમ–૬૫એ.ઇ. ૧૧૬બી, ૮૧ વિગેરે મુજબનો ગુનો કરેલ હોય જે અંગેનું વિગતવારનું પંચનામું પુરૂ કરી સાથેના પો.સબ. ઇન્સ. શ્રી જી. એન.સ્યારા સાહેબનાઓએ અટક કરી, ધોરણસરની કાર્યવાહી કરેલ. જે અંગે અમે શ્રી સરકાર તરફે ફરિયાદ આપેલ. મને એક એફ.આઇ.આર.ની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખુ છું જેને રજૂ દા.આંક–૦૬ આપવામાં આવે છે. આરોપીને હું ઓળખુ છુ જે નામદાર કોર્ટમાં હાજર છે. **સદર ફરિયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, અમે પેટ્રોલીંગમાં રાત્રીના ૦૧:૧૦ વાગ્યે નીકળેલા. પેટ્રોલીંગમા અમે ખાનગી વાહનમાં ગયેલા. એ વાત ખરી છે કે મેં મારી ફરિયાદમાં ખાનગી વાહનનો નંબર કે ચાલકની વિગત લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા રહેણાંકી વિસ્તાર હોય લોકોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે આરોપી બનાવ સ્થળેથી પકડાયેલ નથી.

(૯.૨) આ કામે **આંક–૧૪ થી પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણ તથા આંક–૧૫થી પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીને** તપાસવામાં આવેલા છે. તેઓ **આંક–૧૪/એના** પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક–૧૪/એ ના પંચનામાની વિગત આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ **દારૂ** મળી આવેલાની હકીકતને સમર્થન આપેલ નથી. તેમણે પોલીસના કહેવાથી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી. આ તૈયાર લખેલા કાગળમાં શુ લખેલ હતુ તે તેમણે વાંચેલ નહી. એના સિવાય બીજુ તેઓ કાંઇ જાણતા નથી તેમ જણાવતા હોય

વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ તેઓએ આંક–૧૪/એ ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી આરોપીના કબ્જામાંથી આંક–૧૪ ના પંચનામા મુજબનો મુદ્દામાલ મળી આવેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર કરી શકેલ નથી.

૧૦. આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬ અન્વયે અનુમાન થઇ શકે તેવો કોઇ પુરાવો આ કામે રજૂ થવા પામેલ નથી.

હાલના કેસના ન્યાયિક નિર્ણયો સારુ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

નામદાર ગુજરાત હાઇકોર્ટે ધીરજલાલ ગાંડાભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૧(૧) જીએલઆર ૪૩૩ થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવા દારૂ મળી આવેલ તેવા ફરીયાદ પક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં કલમ ૧૧૬ (બી) અન્વયે દારૂના કબ્જા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહી.

વધુમાં **નામદાર ગુજરાત હાઇકોર્ટે ગુલાબભાઇ રણછોડભાઇ અને અન્યો વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૨(૨) જીએલએચ(અનરિપોર્ટેડ જજમેન્ટ) ૧૧** થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે કલમ–૧૧૬(બી) અન્વયેનું અનુમાન કરતા પહેલા ફરીયાદપક્ષે કેટલીક હકીકતો પુરાવાથી પુરવાર કરવી પડે જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે (૧) આરોપી સીલ બોટલના કબ્જામાં હતો. (૨) સદર સીલ બોટલો ઉપર અસલ લેબલ લગાડેલ હતુ. (૩) સદર લેબલ દારૂની બ્રાન્ડ કઇ હતી તે દર્શાવતું

હોવુ જોઇએ તેમજ સદર લેબલ તેના ઉત્પાદકનું પણ નામ દર્શાવતું હોવું જોઇએ.

વધુમાં જો લેબલમાં દર્શાવવામાં આવેલ ઉત્પાદક કંપનીના જવાબદાર અધિકારીએ કોર્ટ સમક્ષ તપાસીને એ હકીકત પુરવાર કરવામાં ના આવે કે સદર દારૂની બોટલો અસલી હતી ત્યાં સુધી પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(બી) અન્વયેનું અનુમાન થઇ શકે નહી.

૧૧. નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઇ હાલના કેસની હકીકતોની ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય કે તપાસમાં આરોપીનું નામ ખુલેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી તેમજ આરોપી ઇંગ્લીશ દારૂનું વેચાણ કરતા હોવાની હકીકતને પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી તે સિવાય આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો એફ.એસ.એલ. રિપોર્ટ રજુ નથી કે સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઇ જવાબ લીધેલ નથી તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલ લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઇ સ્વતંત્ર પુરાવો આ કામે રજૂ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઇ કંપનીના અધિકારીને તપાસેલ નથી. તેવા સંજોગોમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહી અને તે સંજોગોમાં આ કામના આરોપીના કબજામાં દારૂ જ હતો એવું માની શકાય નહી.

આમ, ફરીયાદપક્ષ આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઇ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો હુકમ કરવો ન્યાયસંગત જણાતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: આખરી હુકમ ::

૧. આ કામના આરોપી **વિશ્વજીતભાઇ ઉર્ફે વિચ્છુ ભરતભાઇ ખાચર, ઉ.વ.૨૧,** રહે. વેલાળા, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગરનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે **ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫એઇ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)** મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર ચાર્જશીટ તે પુરવણી ચાર્જશીટ છે જેથી મુદ્દામાલનો હુકમ મુખ્ય ચાર્જશીટ સબબ કેસના નિકાલ વખતે ધ્યાને લેવામાં આવશે. જેથી મુદ્દામાલ અંગેનો કોઇ હુકમ નથી.

૩. આથી આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમયના જામીન રૂા.૫૦૦૦/- ના રજૂ કરવા અન્યથા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ હુકમ અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬ (વિપુલ કાંતિભાઇ વાઘેલા)
થાનગઢ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
થાનગઢ
યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫